**BRAMPTON Flower City** brampton.ca

**media release**

ત્વરિત જાહેરાત માટે

## વધુ ઝડપી અને કાર્યક્ષમ પાર્કિંગની અમલબજાવણી કરવા માટે બ્રૅમ્પટન નવી ટેકનોલોજિ લાવી રહ્યા છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (18 ડિસેમ્બર 2019) – આપનાં રસ્તા પર થોડાં જ સમયમાં આવી રહ્યું છે! જાન્યુઆરી 2020નાં વચલા દિવસોથી સિટી ઓફ બ્રૅમ્પટન એન્ફોર્સમેન્ટ વેહિકલ શહેરનું પેટ્રોલિંગ કરવું શરૂ કરશે જેના પર ઑટોમેટિક લાયસન્સ પ્લેટ રિડર (ALPR) બેસાડવામાં આવ્યું હશે. આ નવી ટેકનોલોજિ બ્રૅમ્પટનનાં માર્ગો પર પાર્કિંગની જગ્યાની ઉપલબ્ધતા, ફ્લો અને ઈમર્જન્સી વાહનો માટે સુરક્ષા અંગેની માર્ગની સુગમતા લાવશે અને ભીડ ઘટાડશે. તેનાથી વધુ ઝડપી અને કાર્યક્ષમ પાર્કિંગની અમલબજાવણી પણ થઈ શકશે.

નવા ALPR વેહિકલ પર રહેલ કેમેરા અવનજાવન કરતા વાહનો જાય ત્યારે સામાન્યપણે થતા પાર્કિંગનાં ઉલ્લંઘનો ઓળખવામાં મદદરૂપ થશે અને જ્યારે જે તે ઉલ્લંઘન જણાય ત્યારે અધિકારીઓને પેનલ્ટી નોટિસ જારી કરવા જણાવશે. વેહિકલ એવા માર્ગોનું પેટ્રોલિંગ કરશે જ્યાંથી સિટીને લાંબા સમય સુધી પાર્ક કરેલ વાહનો અંગેની ફરિયાદો મળતી હોય.

આવી જાણકારી અને ફરિયાદો પર અસરકારક રીતે અને ઝડપથી આ ટેકનોલોજીની મદદ લઈને પગલાં લેવાની ક્ષમતાના આધારે ભવિષ્યમાં વધુ ALPR વેહિકલ્સનો ઉપયોગ થઈ શકે.

**નવી ટેકનોલોજી કેવી રીતે કામ કરે છે?**
આ સિસ્ટમમાં વાહન પર કેમેરા અને વાહનની અંદર જ ડિસ્પ્લે બેસાડેલું હોય છે જે પાર્કિંગ એન્ફોર્સમેન્ટ નેટવર્ક સાથે જોડાયેલ હોય છે. વેહિકલ શહેરના માર્ગો પર પેટ્રોલિંગ કરશે અને માર્ગો પર પાર્ક થયેલ વાહનોની લાયસન્સ પ્લેટ અને ઠેકાણું એટલેકે લોકેશન નોંધશે. સિસ્ટમ એન્ફોર્સમેન્ટ ઓફિસરને એવા વાહનો વિશે સાવધાન કરશે જે પાર્કિંગ નિયમો વિરુદ્ધ ત્રણ કલાક કરતા વધુ સમયથી પાર્ક કરવામાં આવ્યા હોય. તે એવા વાહનો વિશે પણ સાવધાન કરશે જે રાતે 2 થી વહેલી સવારના 6 વાગ્યા સુધીના બાધિત સમયે પાર્ક થયેલ હોય જે કરવા માટે ઓફિસરે વાહનની લાયસન્સ પ્લેટ નોંધવા માટે ત્યાં થોભવાની જરૂર પડશે નહીં.

**આ કેમ જરૂરી છે?**
પ્રત્યેક વર્ષ દરમિયાન સિટી ગેરકાનૂની રીતે ત્રણ કલાક કરતા વધુ સમય સુધી પાર્ક થયેલ વાહનોની 10,000 કરતા વધુ ફરિયાદો મેળવે છે, અને બીજી 10,000 ફરિયાદો એવા વાહનો અંગેની હોય છે જે માર્ગો પર રાતે 2 થી વહેલી સવારના 6 વાગ્યા સુધીના બાધિત સમયે માર્ગો પર પાર્ક થયેલા હોય છે. આવી ફરિયાદોનાં જવાબ આપવા વધુ સંસાધનોની જરૂરિયાત ઊભી કરે છે અને તેમાં સમય વેડફાય છે. નવા ALPR વેહિકલથી સિટી વધુ સક્રિય અને ઝડપથી પ્રતિક્રિયા આપે એવું ઝડપી પેટ્રોલિંગ કરી શકશે.

**ગુપ્તતાનું શું?**
**સિટી ગોપનીયતા રક્ષણનો મુદ્દો બહુ ગંભીરતાથી લે છે. ALPR કેમેરા** દ્વારા કેદ કરેલ તસ્વીરોની પહોંચ જેમાં લાયસન્સ પ્લેટ નંબરોની તસ્વીરોનો સમાવેશ થાય છે તે કડકપણે નિયંત્રિત હશે અને ઑડિટને આધિન હશે. તેવા ફોટા જેનો ઉપયોગ પેનલ્ટી નોટિસ જારી કરવામાં થયો નહીં હશે તે રાખવામાં આવશે નહીં (આવા ફોટા 48 કલાક બાદ આપોઆપ ભૂંસાઈ જશે). જ્યારે ફોટાનો ઉપયોગ પેનલ્ટી નોટિસ આપવા

માટે થયો હોય  તે સિટીનાં રેકોર્ડ રિટેન્શન ઉપનિયમ અનુસાર રાખવામાં આવશે (આ ફોટા મુદ્દાનું નિરાકરણ થયા બાદ 6 વર્ષ સુધી રાખવામાં આવશે).

જ્યારે પાર્કિંગની પનલ્ટીઓની ચુકવણી અંતિમ તારીખ પહેલા કરવામાં નહીં આવે ત્યારે સિટી જે તે લાયસન્સ પ્લેટની માલિકીની વિગતો મેળવવા માટે સર્વિસ ઓન્ટારિયોનો સંપર્ક કરશે. લાયસન્સ પ્લેટ નંબર સાથે સંલગ્ન અચુકવેલ દંડની રકમો વિશે સિટી ઓન્ટારિઓ પરિવહન મંત્રાલય (Ontario Ministry of Transportation) ને જાહેર કરશે.

**લોકો પાસે પાર્કિંગના કયા વિકલ્પો છે?**

- સુધરાઈના ગેરેજોમાં અથવા જ્યાં પાર્કિંગ મીટરો લાગેલા હોય ત્યાં સુનિશ્ચિત કરશો કે ડેશબોર્ડ પર માન્ય પાર્કિંગ ટિકીટ દર્શાવેલ હોય અને પાર્કિંગ ટિકીટની સમાપ્તિ પહેલા તમારી કાર ત્યાંથી કાઢી લેવી.
- રહેઠાણ વિસ્તારોમાં, જો તમે માર્ગ પર પાર્ક કરેલ હોય તો પેનલ્ટી નોટિસ મેળવવી ટાળવા માટે ત્રણ કલાકની અંદર કાર કાઢી લેવી. વિકલ્પરૂપે, કારને ત્રણ કલાક બાદ બીજા લોકેશન પર ખસેડી લેવી. સમુદાયના અન્ય લોકોને પણ સ્ટ્રીટ પાર્કિંગની જરૂર પડી શકે તેથી પાડોશીઓનું ધ્યાન રાખવું.
- જો તમને અથવા તમારા અતિથિઓને ત્રણ કે વધુ કલાક સુધી કે રાતે 2 થી સવારે સુધી પાર્ક કરવાની આવશ્યકતા હોય, તો આપ સિટીને નિઃશુલ્ક પાર્કિંગ વિચારણા માટે અરજી કરી શકો છો. પ્રત્યેક લાયસન્સ પ્લેટ માટે આવી સુવિધા વર્ષમાં મહત્તમ 14 દિવસ આપવામાં આવે છે. જો રજાઓમાં આપ યજમાન બન્યા હોવ અથવા અતિથિ રાત રોકાવાના હોય તો પાર્કિંગ વિચારણા માટે અરજી કરવી.
- જો આપની ખાનગી મિલકતમાં બૂલવર્ડ હોય તો આપની કાર ફુટપાથ અને માર્ગ વચ્ચેના ફરસબંધ કરેલ વિસ્તારમાં આડી પાર્ક કરી શકાશે.

**શું આનાથી ન્યાયાલયો પર વધારાનું દબાણ ન સર્જાય?**

પાર્કિંગ પેનલ્ટીની તકરારોનું સંચાલન પ્રોવિન્શ્યલ કોર્ટ્સ (રાજ્ય ન્યાયાલયો) દ્વારા નહીં પરંતુ સિટી દ્વારા AMPS પ્રોગ્રામ.ના ભાગરૂપે થશે.

સંપૂર્ણ વારંવાર થતા પ્રશ્નો અને ALPR વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca

**અવતરણ**

"ગેરકાનૂની પાર્કિંગ અન્ય લોકોને મળતી જગ્યા ઘટાડે છે અને તેનાથી સુરક્ષાનું જોખમ પણ ઊભું થાય છે જ્યારે ઇમર્જન્સી વેહિકલ્સ અને સ્નો પ્લોઝ રસ્તાઓ પરથી સરળતાથી પસાર થઈ શકતા નથી. નવું ALPR વેહિકલ એક સુપ્રશાસિત શહેર હોવાની આપણી અગ્રિમતાનું સમર્થન કરે છે અને ગેરકાનૂની પાર્કિંગની સમસ્યાનું નિરાકરણ કરે છે જેથી માર્ગો વધુ સુરક્ષિત બની શકે. આ નવી પહેલથી મળતી જાણકારીને સિટી આવકારશે અને ભવિષ્યમાં ફેરફારો કરી શકશે.

- *મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown)*

-30-

BRAMPTON Flower City brampton.ca

media release

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પ્ટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca